4427

# LOK SABHA ELECTION

## — 16th March 1977

## SOUTH-BOMBAY CONSTITUENCY

*The Nation has to make a choice between*

**Democracy** v/s **Dictatorship**

**Freedom** v/s **Slavery**

**Free & Fearless Society** v/s **Regimented Society**

**Democratic State** v/s **Police State**

**Candidate**

VOTE FOR

**JANTA PARTY**



VOTE FOR

**JANTA PARTY**

RATANSINH RAJDA

*B. A. LL. B., Advocate, High Court.*

*Please put*

*Seal on*

*Symbol*

SYMBOL

SYMBOL SYMBOL

SYMBOL

*Please put*

*Seal on*

*Symbol*

# APPEAL TO THE VOTERS OF SOUTH-BOMBAY

**Janta Party** has selected Shri **Ratansinh Rajda**, young Advocate and prominent Municipal Councillor, as **a** Candidate for South Bombay Lok–Sabha Constituency. When the state of emergency was declared on 25th June, 1975, Shri **Ratansinh Rajda** was one of the few who were first to be arrested from our Constituency. He was imprisoned for nineteen months in the Yeroda Cental Prison as a detanue under the black law of MISA.

Shri **Ratansinh Rajda** has been actively associated with the Youth Movement. He has been also in the forefront in the public life of the city and has been the most active, tireless and self-sacrificing social worker. Advocate by profession, he has all the quality of a good leadership and has fought many legal matters for the poor. He was elected to Bombay Municipal Corporation in the year 1968, and again returned to the Corporation in 1972 in the Municipal Election. In that capacity he has been serving the people of this Constituency truly and w[illegible]

By selecting such a youthful and dynamic young man as a Candidate for the Lok-Sabha from South Bombay, the **Janta Party** has opened the doors for the youths to take their legitimate place in the forefront of public life and national politics.

The history of the last nineteen months of emergency is the darkest chapter in our national life and has raised before the nation the basic questions whether we want a free and fearless society or a slave society? Do we want an authoritarian police regime or a free democratic regime? Do we want democracy or a dictatorship? These questions will have to be answered by the voters in the election by making their choice.

Election has provided an opportunity to the people of India to answer these questions and hence this election is unique and has a historical significance on the momentious occasion. It is the sacred duty of every voter to cast his vote for the forces of freedom, democracy and progress, so that the future of the coming generations is fully assured and our glorious heritage of freedom and tolerance, human rights and civil liberties be protected and the democratic institutions are well-preserved.

Freedom and democracy can only blossom forth and thrive in an atmosphere of tolerance and unfettered freedom of the press and independent judiciary. Then only prosperi[illegible] progress, and peace would become a living reality.

**Janta Party** stands for all these democratic values, and is determined to ensure them and also tackle the unemployment and the soaring prices if it is put in power. The **Janta Party** is born on prison to put an end to the personal oppresive regime and authoritarian trends in our public life and establish democracy in true sence. The people have to make a choice and vote **Janta Party** to preserve freedom and democracy.

**Janta Party** has taken a mighty stride in short time and is now poised to defeat the forces of dictatorship. Hence, we appeal to every Voter of South Bombay to vote for Shri **Ratansinh Rajda** the Candidate of **Janta Party** on Wednesday 16–3–77 the day of the election; and ensure the Victory of the democratic forces in this country.

**JANATA PARTY**
**South Bombay Constituency,**
**Propaganda Committees.**

| *Please put your Seal on the Symbol* | SYMBOL | *Please put your Seal on the Symbol* |
|---|---|---|
| |  | |



# પુરુષોત્તમ ગણેશ માવળંકરની

## આછી જીવન–ઝલક

શ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકર અમદાવાદને જ નહીં, પણ સમસ્ત ગુજરાતને સુપરિચિત છે. મધુર આકૃતિ, સાદો પણ સુઘડ પહેરવેશ, અસરકારક વક્તવ્ય અને નિર્ભીક વાણીથી ગુજરાતમાં જ્યાં જ્યાં એ ગયા છે ત્યાં ત્યાં એમના વિચાર અને વ્યવહારનો પ્રભાવ પડ્યો છે.

જાહેરજીવન પુરુષોત્તમભાઈને વારસામાં મળ્યું છે. ભારતની લોકસભાના પ્રથમ અધ્યક્ષ અને પિતા સદ્‌ગત દાદાસાહેબ માવળંકરના હાથે ઘડાવાનું સદ્‌ભાગ્ય એમને પ્રાપ્ત થયું છે. એમણે પિતાનો વારસો દિપાવ્યો છે અને ૪૪ વર્ષની નાની વયે પણ અનેક મોટી જવાબદારીઓ અદા કરી છે. આઠ વર્ષ સુધી એમણે અમદાવાદની જુની અને અગ્રણી એવી એલ. ડી. આર્ટ્સ કૉલેજનું આચાર્યપદ શોભાવ્યું છે. હેરલ્ડ લસ્કી ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિકલ સાયન્સના સ્થાપનાકાળથી એટલે કે છેલ્લા ઓગણીસ વર્ષથી શ્રી માવળંકર તેના સ્થાપક–ડિરેક્ટર રહ્યા છે. લસ્કી ઇન્સ્ટિટ્યૂટ ગુજરાતના જ નહીં પણ ભારતના નકશા ઉપર મૂકાયેલું છે, તથા આંતરરાષ્ટ્રીય માન્યતા ને ખ્યાતિ પામ્યું છે.

પુરુષોત્તમભાઈની લોકશાહી અને સમાજવાદ વિષેની ઊંડી આસ્થા એમના એકેએક વચનમાં અને કાર્યમાં પરખાઈ આવે છે. સ્વ. ઇન્દુચાચાના એ પ્રીતિપાત્ર રહ્યા હતા. તેમાં વૈચારિક જુસ્સો અને વૈચારિક સમાનતા કારણભૂત છે. ઈન્દુચાચા જે કોઈ પ્રવૃત્તિ ઉપાડે તેમાં શ્રી. માવળંકર સાથ શોધતા હતા. સ્વ. ઈન્દુચાચાએ પોતે જે મહાગુજરાત સેવા ટ્રસ્ટ રચ્યું તેમાં પણ સ્વાભાવિક રીતે જ સ્વ. ઈન્દુચાચાએ પુરુષોત્તમભાઈને એક ટ્રસ્ટી તરીકે નિમ્યા છે.

અમદાવાદ અને ગુજરાત એ શ્રી. માવળંકરનું વતન છે. અમદાવાદ એમની જન્મભૂમિ છે અને એમની કર્મભૂમિ પણ છે. અમદાવાદના રહીને એ સમગ્ર ગુજરાતમાં વ્યાપેલા છે.

જગપ્રસિદ્ધ શિક્ષણસંસ્થા "લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિકસ એન્ડ પોલિટિકલ સાયન્સ"માં એમણે બે વર્ષ [ ૧૯૫૧–૫૩ ] અધ્યયન કરીને પાર્લામેન્ટરી પદ્ધતિ તથા કામકાજનો વિશેષ અભ્યાસ કર્યો છે. શૈક્ષણિક ને જાહેર કાર્યો નિમિત્તે એમણે દેશભરમાં પ્રવાસ કરેલો છે. વળી, દુનિયાના પચીસેક દેશોમાં અભ્યાસ એ પ્રવાસો કરેલા છે તેમજ જે તે દેશોના નિમંત્રણથી પુરુષોત્તમભાઈએ પ્રવચનો કરેલા છે.

ઉદાર રાષ્ટ્ર–ભાવના, પ્રગતિશીલ વિચાર–વર્તન ઉન્નત ચારિત્ર્ય અને સતત અભ્યાસ-પરાયણતા તથા કર્મપરાયણતાથી શ્રી માવળંકર સર્વત્ર માનવંતા બન્યા છે. કેળવણીકાર તરીકે [ ગુજરાતમાં તાજેતરમાં શરૂ થયેલી કૃષિ યુનિવર્સિટીના પોતે કેળવણીકારની હેસિયતથી સરકાર–નિયુક્ત સભ્ય છે ] પત્રકાર તરીકે, વક્તા તરીકે અને લેખક તરીકે શ્રી માવળંકર સતત કાર્યશીલ રહ્યા છે. તે ઉપરાંત તેઓ એક ચુનંદા પાર્લામેન્ટેરિયન પણ છે. રાજ્યશાસ્ત્રના તે એક અધ્યાપક રહ્યા છે અને દેશવિદેશના રાજકીય પ્રવાહોનો એમના જેટલો અભ્યાસ બહુ થોડી વ્યક્તિઓએ કર્યો છે.

ગુજરાત યુનિવર્સિટીની સેનેટ હોય કે નગરનો વ્યાખ્યાનખંડ હોય પણ તીક્ષ્ણ વિચારધારાથી અને હૃદયસોસરી વહી આવતી વેધક વાણીથી પોતાનું વક્તવ્ય એ સચોટ રીતે કરતા રહ્યા છે. કોઇની પણ શેહશરમમાં તણાયા વગર પોતાને જે સાચું લાગે તે નિર્ભયપણે અને અસરકારક રીતે એ કહેતા રહ્યા છે.

પોતે અંગીકાર કરેલાં કર્તવ્યો એમણે હંમેશા વિશાળ રાષ્ટ્રદૃષ્ટિથી અને રાષ્ટ્રભાવથી બજાવ્યાં છે. પછી તે 'નિરીક્ષક'ના તંત્રીમંડળની કામગીરી હોય, કે 'જનસત્તા' 'સંદેશ' 'ગુજરાત સમાચાર' કે 'ગુજરાતમિત્ર'ના કટારલેખક તરીકેની કામગીરી હોય. બિનસાંપ્રદાયિકતા એમનો મુદ્રાલેખ છે અને પ્રગતિશીલતા એમનો ધ્યાનમંત્ર છે. એથી એ સર્વ વર્ગોની અને સર્વ કોમોની ચાહના મેળવી શક્યા છે.

જાહેરજીવનના આરંભથી જ [ એટલે કે છેલ્લા ૨૫ વર્ષથી ] ગુજરાતના સમાજજીવન અને રાજકારણ સાથે સંકળાયેલા હોવા છતાં એમને કોઈ પક્ષની કંઠી બાંધી નથી. એમની નિર્ભય સત્યનિષ્ઠા કોઈ પક્ષના ચોકઠામાં સમાય એવી નથી. એટલે જ તેઓ ગુજરાતના અને ભારતના જાહેરજીવનમાં અપક્ષ ચાલુ રહ્યા છે, એટલે કે સતત લોકનિષ્ઠ રહ્યા છે.

પ્રકાશક :– વિષ્ણુ જી. પટેલ, ભદ્ર, અમદાવાદ–૧.
મુદ્રક :– વસંત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ–૧.